# દુશ્મનાને ઈમામે હક્કનો ઈબ્રતનાક અંજામ

અલ્લાહતઆલાની એ જ મરઝી હતી કે એહલેબૈતે રસૂલ (સ.અ.વ.વ.) શોહદાએ કરબલા પોતાના આખરી આઅલાતરીન દરજા પર પહોંચે. અલ્લાહએ ૭૨ જાઁનિસારોને શહાદતનો બલંદપાયા મરતબો બખ્શીને પોતાની મરઝી, કઝાઓ કદર અને ફેંસલાને અંજામ તક પહોંચાવો. કોઈ પણ અન્સારે ઈમામે હક્કએ મુસીબત ટાલવાની ઝરા પણ કોશિશ ન કીધી. કરબલાના અંજામની સઘલાને ખબર હતી, બરપા થાનાર મેહશરથી બધા આગાહ હતા. અલ્લાહની એ જ મસલેહત હતી કે પોતાના હબીબ (સ.અ.વ.વ.) ના નવાસા અને પોતાના વલી અલી (અ.સ.) ના જાઁનશીન ઈમામ હુસૈન (અ.સ.) અને શોહદાએ કરબલાના ખૂનથી ઈસ્લામી ચમનને નવી ઝિંદગી મીલે અને એ ખૂનની કુરબાનીની ખુશ્બુ કયામત તક બાકી રહે.

સાહબે દાઅવત આ જ બા-બરકત ખુશ્બુથી હર મોહર્રમુલ હરામના અશરા મુબારકામાં મજલિસે અહલેબૈત (અ.સ.) મુન્અકિદ કરી, માતમ બરપા કરી મુમેનીનના કલ્બો ઝમીરને મોઅત્તર કરી, ઈમાનના નૂરથી ઝીનતદાર કરી ગુનાહોની ગંદકીથી પાકો નઝીફ કરે છે. **એક તરફ શોહદાએ કરબલાનો તસ્લીમો વફાનો રસ્તો હમવાર થયો અને બીજી તરફ શામ (સીરીયા) ની ઝમીન પર કેહરે ઇલાહીનો ગઝબ નાઝિલ થયો.** અહલેબૈતે હુસૈન (અ.સ.) ના એક એક ખૂની અને ઝાલિમને પકડવામાં આવા. એક એક ઈઝા આપનારને સઝા આપવામાં આવી. દમિશ્કથી કૂફા અને કરબલા સુધીના તમામ ઝાલિમો અને સિતમગરો ખૌફનાક અંજામ અને લરઝાવી નાંખનાર હલાકીનો શિકાર બની ગયા. ઈલાહી કેહરો ગઝબની આંધીથી યઝીદી બાદશાહતનું આશિયાનું તહસ-નહસ થઈ ગયું. સલ્તનતમાં લોગો હૌલનાક બિમારીઓનો શિકાર બના અને સેંકડોની તાઅદાદમાં લોગો હલાક થયા.

તારીખસાઝ બયાન કરે છે કે, મુખ્તાર સકફી દમિશ્કના કેદખાનામાંથી પોતાના પગની બેડીઓ તોડી નાસી ગયો, અને મઝલૂમ શોહદાએ કરબલાને ઉપર ગુઝારવામાં આવેલા ઝુલ્મો સિતમોનો ઈન્તેકામ લેવા આવાઝ બલંદ કીધી. તમામ લોગો એના ઈરાદાઓથી મોતઅસ્સિર થઈને એના ઈન્તેકામી ઝંડા નીચે આવી ગયા. એક મોટું લશ્કર તૈયાર થયું અને કૂફા-દમિશ્કની ઈંટે ઈંટ ખોખરી કરી નાખી. **અહલે બૈતે હરમ (અ.સ.) ના એક એક કાતિલોને પકડી-પકડીને ઝાહિર રસ્તા ઉપર કતલ કરવામાં આવા.** અને આ જ દિન સુધી તે સિતમગરોને નફરતની નઝરથી દુનિયા જોઈ છે, અને લાઅનત ફિટકાર વરસાવે છે. કયામત તક એવી જ ફિટકાર તેઓ ઉપર વરસતી રેહશે જેમણે નબીયુલ્લાહ (સ.અ.વ.વ.) ના લાડલાઓના ખૂનથી પોતાના નાપાક હાથો ને રંગા, તેઓથી રૌઝે કયામત આ જુર્મે અઝીમનો હિસાબ લેવામાં આવશે. આ સઘલા ઝાલિમોમાંથી ફિત્નાની જડ યઝીદ હતો. જેના વેહશતનાક અંજામની બયાની નીચે મુજબ છે.

**<u>અંજામે યઝીદ (લા.અ.) :</u>**

મોઆવીયાહ પછી એનો દિકરો યઝીદ તખ્તે સલ્તનત પર આવો. યઝીદ શરાબી, ઝાની, તમાશગીર અને શરીઅતના ખિલાફ અમલ કરનાર હતો. એના હુકુમથી કરબલાનો સાનેહો ગુઝરો. રસૂલે કરીમ (સ.અ.વ.વ.) ના નવાસા અને અહલેબૈત (અ.સ.) તેમજ શોહદાએ કરબલા ઉપર ઝુલ્મની ઈન્તેહા થઈ.

***કરબલાના દર્દનાક બનાવ પછી યઝીદ એક બદતરીન બીમારીમાં સપડાયો.*** એને પેટનું દર્દ થયું. પેટના આંતરડામાં કાના પડી ગયા. અને એ મચ્છીની મિસિલ તરફડતો હતો. પ્યાસ એ હદ તક લાગતી હતી કે એ પાની પીતો જાતો તેના બાવજૂદ પાની-પાનીની બૂમો પાડતો હતો. એની મૌતના તીન દિન પહેલા એના તમામ આંતરડા સડી ગયા. પેટમાં કીડાઓ પડી ગયા. પ્યાસથી એ તડપવા લાગો અને જેમ સુવ્વરો બૂમો પાડે છે એમ ખૌફનાક અને ડરાઉના અવાઝથી એ ચીલ્લાતો. પાનીનું એક ટીપું ગલામાં ઉતરતું તો એને નશ્તરની મુજબ ભોંકાતુ. આખિરકાર એ જ લાઈલાજ બીમારીમાં તડપી તડપીને હલાક થયો. ગુઝરી જાવા પછી એની લાશમાંથી એ મુજબ બદબૂ અને વાસ મારતી હતી કે કોઈ શખ્સ એની લાશ પાસે જાવા તૈયાર ન હતું. બનુ ઉમૈયાના લોગોએ જેમ તેમ લપેટી એને દફન કીધો. બનુ ઉમૈયા પછી બનુ અબ્બાસની હુકુમત આવી, તે વક્તે યઝીદની કબર ખોદી તેને બહાર કાઢવામાં આવો મગર ***કબરમાંથી ફક્ત બલેલા હાડકા નીકલા હતા. આલમે બરઝખનો આ અઝાબ હતો.*** કયામતનો અઝાબ હજી યઝીદ લઈન વાસ્તે બાકી છે. ખુદાતઆલા યઝીદને અને એના સાથીદારોને અઝાબે અલીમમાં ગિરફતાર કરજો.

બીજી જગા એ પણ ઝિક્ર આવી છે કે, "યઝીદ એક દિન શિકાર વાસ્તે ગયો. એક ખૂબસુરત હરણી એને નઝર આવી અને એને પકડવા યઝીદ એને પાછલ પાછલ દરાઝ ફાસલા તક નીકલી ગયો. દોડતા દોડતા એક જંગલ પછી બીજા જંગલમાં નીકલી ગયો, અને પછી એક ખૌફનાક જંગલમાં તે હરણી ગાઈબ થઈ ગઈ. આ અરસામાં ત્યાં કેટલાક ભયાનક ચેહરાઓ યઝીદને નઝર આવા. એ સઘલા આવીને યઝીદને ચાબકા મારવા લાગા, બચકા ભરીને ખૂન ચૂસવા લાગા. આ હૌલનાક અને હૈબતનાક મન્ઝરથી યઝીદ બેહોશ થઈને ઝમીન પર પટકાઈ ગયો અને એનું જિસ્મ ગોશ્તના લોચામાં તબ્દીલ થઈ ગયું. અને આ તરહથી એ હલાક થયો. મગર પહેલી ઝિક્ર આ વાત કરતા ઝિયાદહ મુસ્તનદ છે. ★